# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇનું લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો આવતીકાલથી નોંધણી કરાવી શકશે
2. છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નવી 476 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી PACSની રચના કરવામાં આવી
3. ખાનગી ટ્યુશન સંચાલકો માટે કાયદાનો મુસદ્દો ઘડવા રાજ્ય સરકારે સમિતિની રચના કરી
4. આગામી ત્રણ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી
5. ICC ક્રિકેટ મહિલા ODI વિશ્વ કપની પહેલી મેચમાં શ્રીલંકા સામે ભારતના 36 ઓવરમાં 184 રન

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MSP REGISTRATION

ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઇનું લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતો આવતીકાલથી નોંધણી કરાવી શકશે. ખેડૂતો પાસેથી ખરીફ માર્કેટિંગ સિઝન 2025-26 માટે પહેલી નવેમ્બરથી લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે. જેના માટે 31 ઓક્ટોબર સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા ઓનલાઇન નોંધણી કરાશે. આ વર્ષે બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ 300 રૂપિયાનું બોનસ પણ અપાશે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે નોંધણી કરાવી શકશે. પહેલી નવેમ્બર 2025 થી 30 જાન્યુઆરી 2026 સુધી ટેકાના ભાવે ખરીદી કરાશે.

-------------

# PACS

વર્ષ 2023થી અત્યાર સુધીમાં નવી 476 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી PACS, 691 દૂધ મંડળીઓ અને 22 મત્સ્ય મંડળીઓની રચના કરવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર નવી PACSને ફર્નિચર ખરીદી માટે 80 ટકા અથવા 10 હજાર રૂપિયાની સહાય તેમજ શેર

મૂડી માટે મહત્તમ 50 હજાર રૂપિયાની સહાય અપાશે. રાજ્યમાં અત્યાર સુધી 10 હજાર 957 PACS થકી 13 હજાર 875 પંચાયતોનો સમાવેશ કરાયો છે. આગામી બે વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને PACSની સેવાઓથી આવરી લેવાશે.

-------------

# EDUCATION COMMITTEE

રાજ્યમાં ખાનગી ટ્યુશન સંચાલકો માટે કાયદાનો મુસદ્દો ઘડવા રાજ્ય સરકારે સમિતિની રચના કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષના વળપણ હેઠળની આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન ક્લાસીસ અંગે મુસદ્દો તૈયાર કરશે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના નિયામક તેમજ શિક્ષણ વિભાગના નાયબ સચિવ પણ સમિતિના સભ્ય હશે. આ અંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રકુલ પાનસેરિયાએ વધુ માહિતી આપી.

(બાઇટ : પ્રકુલ પાનસેરિયા, શિક્ષણ રાજ્યમંત્રી)

-------------

# SAPTI

આગામી ૯ ઓક્ટોબરના રોજ યોજનારી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાતના મહેસાણાના કૌશલ્ય વિકાસના મહત્વને ઉજાગર કરશે. મહેસાણામાં યોજનારી ૨ દિવસીય પરિસદના પહેલા

દિવસે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને ધ્યાનમાં રાખીને SAPTI- સ્ટોન આર્ટિસન પાર્ક ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યુટનો ઉદ્દેશ કૌશલ્ય વિકાસ, શિક્ષણ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને દેશની શિલ્પકલાને મજબૂત બનાવીને તેનું જતન કરવાનો છે. ઉત્તર ગુજરાતમાં સ્થિત SAPTI-અંબાજી આરસના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં સ્થિત SAPTI-ધ્રાંગધ્રા રેતી-પથ્થરના શિલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

------------

# JAMNAGAR-RAGHAVJI PATEL

જામનગર અને રાજકોટને જોડતા વાહનવ્યવહારને સરળ અને સલામત બનાવવાના ઉદ્દેશ્ય સાથે ધુંવાવ ખાતે નવનિર્મિત પૂલનું રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજી પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અત્યાધુનિક રિવર બ્રિજનું નિર્માણ ૪.૩૩ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, "ગુજરાત સરકારે માળખાગત સુવિધાઓને ટોચની પ્રાથમિકતા આપી છે. આ નવનિર્મિત બ્રિજ માત્ર એક નિર્માણ કાર્ય નથી, પરંતુ જામનગર અને આસપાસના

વિસ્તારના લોકો માટે સમયની બચતની સાથે આર્થિક ગતિવિધિઓને વેગ આપવાનું માધ્યમ બનશે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Svacchata hi seva – Akashvani Ahmedabad

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ આકાશવાણી અમદાવાદ દ્વારા આજે સ્વચ્છતા અંગે જાગૃતિ માટે રેલી યોજાઈ ગઈ.

આશ્રમ રોડ ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આકાશવાણી અમદાવાદના કાર્યાલય અધ્યક્ષ એન એલ ચૌહાણે આ રેલીને પ્રસ્થાન કરાવી. ઇન્કમટેક્સ આશ્રમ રોડથી શરૂ થયેલી આ રેલી જુના હાઇકોર્ટથી પસાર થઈ આકાશવાણી અમદાવાદ કાર્યાલય ખાતે સમાપ્ત થઈ હતી. આ રેલીમાં કાર્યાલયના 50થી વધુ અધિકારી

કર્મચારીઓએ ભાગ લઈ સ્વચ્છતા હી સેવા હૈ, સ્વભાવ સ્વચ્છતા , સંસ્કાર સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે કાર્યાલય અધ્યક્ષ એન એલ ચૌહાણે તમામ નાગરિકોને પોતાનો પરિસર, પોતાનું શહેર સ્વચ્છ રાખી દેશને સ્વચ્છ બનાવવામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

(બાઈટ એન એલ ચૌહાણ )

તેમણે વધુમાં જણાવ્યું કે સ્વચ્છતા હિ સેવા અભિયાન અંતર્ગત આકાશવાણી કાર્યાલય દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત દર અઠવાડિયે કર્મચારીઓ દ્વારા સામૂહિક શ્રમદાન કરવામાં આવે છે. કાર્યાલયમાં આવતીકાલે સ્વચ્છતા હિ સેવા હેઠળ સ્વાસ્થ્ય મિત્રો માટે શિબિર કેમ્પ યોજાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે સમાચાર વિભાગના પ્રમુખ ડો ચિરાગ ભોરણીયા, કાર્યક્રમ વિભાગના પ્રમુખ ત્રિલોક સંઘાણી સહિત કાર્યાલયના અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-------------

# NAVRATRI 8TH DAY

## (ગરબા મ્યુઝિક)

આદ્ય શક્તિની આરાધનાના પર્વ નવરાત્રિનું આજે આઠમું નોરતું છે. આજે માઁ નવદુર્ગાનાં આઠમાં સ્વરૂપ માઁ મહાગૌરીની પૂજા કરવામાં આવી રહી છે.

આજે દુર્ગાષ્ટમીના દિવસે અનેક સ્થળોએ વિશેષ પૂજા કરવામાં આવી રહી છે. અમદાવાદના બોપલ, સાબરમતી, ચાંદખેડા અને નરોડા સહિતના વિસ્તારોમાં દુર્ગાપૂજાનું આયોજન કરાયું, જેમાં બંગાળી સમાજના લોકો દ્વારા દુર્ગાપૂજામાં વિશેષ મહત્વ ધરાવતી સંધિ પૂજા કરાઈ. સુરેન્દ્રનગરના યાત્રાધામ ચોટીલા ખાતે ડુંગર ઉપર હવનાષ્ટમીનું આયોજન કરાયું. દમણમાં બંગાળી સમુદાય દ્વારા દુર્ગા પૂજા કરવામાં આવી. દરમિયાન શક્તિપીઠ અંબાજી ખાતે આજે માઈભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા. બીજી તરફ છોટાઉદેપુર જિલ્લામાં ગરબાના આયોજન દરમિયાન પોલીસની 'શી ટીમ' કાર્યરત કરવામાં આવી છે.

-------------

# RUPAL PALLI

ગાંધીનગરના રૂપાલમાં આજે વરદાયિની માતાજીનો પલ્લીનો મેળો યોજાશે. જેમાં આજે રાત્રે માતાજીની પલ્લી નીકળશે. આ પલ્લી પર લાખો લીટર શુદ્ધ ઘીનો અભિષેક કરાશે. દરમિયાન અંદાજે 10 લાખ લોકો પલ્લીના દર્શને ઉમટશે. સાંભળીએ અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : દુર્ગેશ મહેતા)

**(ગરબા મ્યુઝિક)**

-------------

# WEATHER FORECAST

આગામી ત્રણ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આજે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. આજે અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ચાર દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યુ હતું.

-------------

# WOMEN WORLD CUP

ગુવાહાટીમાં રમાઈ રહેલા ICC ક્રિકેટ મહિલા ODI વિશ્વ કપની પહેલી મેચમાં છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતીય ટીમે 40 ઓવરમાં 6 વિકેટે 210 રન બનાવ્યા છે. શ્રીલંકાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. વરસાદને કારણે મેચ 48 ઓવરની કરવામાં આવી છે. મેચ રોકવામાં આવી ત્યાં સુધી અમનજોત કૌર 50 અને દિપ્તી શર્મા 37 રને રમતમાં છે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પોતાના પ્રથમ ICC ખિતાબ માટે સજ્જ છે. 2025 મહિલા વર્લ્ડ કપ એ 50 ઓવરની ક્રિકેટ ટુર્નામેન્ટની 13મી આવૃત્તિ છે

જેમાં 8 ટીમો - ભારત, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

-------------